GJAR040015922024

सत्यमेव जयते

Received on : 04-12-2024
Registered on : 04-12-2024
Decided on/- : 02-05-2026
Duration-
વર્ષ– 01માસ– 04દિવસ–૨૮

મે. મેઘરજ ના એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબની કોર્ટમાં.
મુ. મેઘરજ

ફોજદારી કેસ નં. 1178–2024
આંક–

રાજુભાઈ બાબુભાઈ વણઝારા
ઉ.આ.વ. –, ધંધો– કોન્ટ્રાકટર, ધર્મે –હિન્દુ,
રહે:– પંચવટી સોસાયટી, મેઘરજ,
તા. મેઘરજ, જી. અરવલ્લી ......**ફરીયાદી**

વિરૂધ્ધ

સંજયકુમાર ધુળાજી મકવાણા
રહે:– ઝીંઝવા, પો.ઝીંઝવા,
તા. પ્રાંતીજ, જી. સબરકાંઠા ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ

::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી ડી.એમ.પગી
આરોપી તરફે : વિ.વ.શ્રી એ.ડી.પરમાર

::

::- ચુ કા દો -::

(૧) ફરીયાદીની ફરીયાદ હકિકત ટૂંકમાં એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે ના વતની છે અને કોન્ટ્રાકટર નો ધંધો કરે છે અને આરોપી મોડાસા ડી.આઈ.એલ.આર ની કચેરી માં સર્વેયર તરીકે નોકરી કરે છે જેથી ફરીયાદી અવાર નવાર મોડાસા ડી.આઈ.એલ.આર કચેરી માં આવતા હોવાથી આરોપી તથા ફરીયાદી વચ્ચે ગાઢ મિત્રતા ના સબંધો બંધાયેલ હોઈ ફરીયાદી આરોપી ને સારી રીતે ઓળખે છે. આરોપી ને ૮ માસ અગાઉ આરોપીને જમીન ખરીદવા માટે રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની જરૂરીયાત પડતાં ફરીયાદી પાસે આવેલા અને રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની માગણી કરેલી ફરીયાદી એ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી ને ફરીયાદીએ આરોપીને રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા રોકડા હાથ ઉછીના આપેલા અને આરોપીએ બે માસ માં પરત આપવાનો વાયદો કરેલો તે વાયદા મુજબ ફરીયાદીએ આપેલી રકમ ની અવાર નવાર રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ઉઘરાણી કરતાં ફરીયાદી ને આરોપી એ તા.૩૧/૦૭/૨૦૨૪ નો બેન્ક ઓફ બરોડા હિંમતનગર શાખાનો નો ખાતાનં. ૧૨૪૨૦૧૦૦૦૧૪૩૩૬ વાળો ચેક નં.-૦૦૦૦૭૫ નો રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની રકમ ભરી ને ચેક તેમના હસ્તાક્ષરમાં સહી કરી ને ફરીયાદી ને ચેક આપેલો અને ફરીયાદી ને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક માં જણાવેલ તારીખે ચેક બેન્કમાં ભરવાથી ચેકમાં જણાવેલ રકમ તમોને મળી જશે. જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી આરોપી એ આપેલો ચેક ફરીયાદી એ સ્વીકારેલો. આરોપી એ આપેલ ચેક ફરીયાદી એ તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ એકસેસ બેન્ક વાસણા મેઘરજ શાખા માં ફરીયાદી ના ખાતા માં જમા કરાવેલો જે ચેક બેન્ક ઓફ બરોડા હિંમતનગર શાખા માં આરોપી ના ખાતા માં કલીયરીંગ માટે જતાં સદર ચેક વગર સ્વીકારાયે FUNDS INSUFFICENT ના શેરા સાથે પરત થયેલો જેથી ચેક પરત થયાની જાણ ફરીયાદી ની બેન્ક ધ્વારા તા. ૧/૦૮/૨૦૨૪ ના રોજ મેમા સહિત પરત કરેલો. ત્યારબાદ ફરીયાદી એ વકીલ ધ્વારા તારીખ

૨૪/૦૮/૨૦૨૪ ના રોજ ફરિયાદી ના વિ.વકીલ શ્રી .મારફતે રજી. પો .એડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપી ને તા. ૩/૦૯/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે તેમ છતાં નોટીસ માં માગ્યા મુજબ વર્તન કરેલ નથી. જેથી આ ફરીયાદ આપ ના. કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉત્પન્ન થયેલી છે. આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય, હાલની ફરિયાદ કરવાની ફરજ પડેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ-૧ ૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક-૧૪** થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા :-

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદપક્ષે ફરીયાદીનું પુરાવાનું સોગંદનામું	૦૪

-: ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:-

ક્રમ	વિગત	આંક
૧	આરોપીએ આપેલ ચેક અસલ નં. ૦૦૦૦૭૫	૦૬
૨	ચેક રીટર્ન મેમોની અસલ નકલ	૦૭
૩	આરોપીને રજી. પો. એડી. થી આપેલ નોટીસની પોસ્ટ ખાતાની પહોંચ અસલ	૦૮

૪	ફરિયાદીએ વકીલશ્રી મારફતે આરોપીને આપેલ કાયદેસરની ડિમાન્ડ નોટીશની સ્થળપ્રત નકલ.	૦૯
૫	આરોપીને રજી.પો.એ.ડી.થી મોકલેલ નોટીશ આરોપીને બજી ગયેલ તે બાબતનુ ઓનલાઇન ટ્રેક કન્સાઇમેન્ટ પાવતી.	૧૦
૬	આરોપીને રજી.પો.એ.ડી.થી મોકલેલ નોટીશ રીફ્યઝના શેરા સાથે પરત આવ્યાનુ કવર	૧૧

હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે **આં ક– ૦૫** થી અરજી આપતાં અને નિ. ૩/૧ થી ૩/૭ ના તમામ દસ્તાવેજોને આ કામે અત્રેની કોર્ટ દ્વારા **આંક– ૦૬ થી આંક– ૧૧** આપવામાં આવેલ. ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ **આં ક–૨૦** થી આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૪) આ કામના આરોપીએ આંક–૧૪ થી રજુ પોતાની પ્લીમાં ગુનો કબુલ કરેલ ન હોવાનું અને પોતે બચાવ કરવા માંગતા હોવાનું જણાવે છે. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા Indian Bank Association v. Union of India AIR 2014 SUPREME COURT 2528 ના કેસમાં ઠરાવ્યા મુજબ ફરીયાદીને ઉલટ તપાસ માટે રીકોલ કરવા માટે કોઈ અરજી આપેલી નથી કે પ્લી ઓફ ડીફેન્સ રજુ કરેલ નથી. તેમજ પ્લી લીધા બાદ આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે કોર્ટ સમક્ષ હાજર રહેવાનું બંઘ કરેલ છે. જેથી, કોર્ટ દ્વારા આરોપીની ઉલટતપાસ તથા વધારાના નિવેદનનો તથા દલીલનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ત્યાર બાદ કોર્ટ સમક્ષ નો ફરિયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટ ના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

<u>મુદ્દાઓ</u>

૧. શું ફરીયાદ પક્ષ નિશંક પણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ પોતાના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોવા છતા ફરીયાદીનુ કાયદેસરનું લેણુ ચુકવવા માટે બેન્ક ઓફ બરોડા હિંમતનગર શાખાનો નો ખાતાનં. ૧૨૪૨૦૧૦૦૦૧૪૩૩૬ વાળો ચેક નં.-૦૦૦૦૭૫ નો રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા નો ફરીયાદીને આપેલ અને તે ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત થતા ફરિયાદીએ આપેલ નોટીસનું પાલન નહી કરીને નોટીસ મુજબની ચેકની રકમ નહી ચુકવી આપીને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કુત્ય કરીને તે મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ

(૮) **ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.**

// <u>કા ર ણો</u> //

<u>મુદા નં.૧ :–</u>

(૯) આ કામે જ્યારે આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓથી નીચેની વિગતો પુરવાર થવી જોઈએ, સદર ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના તત્વો તેમના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>વટાવખત અધિનીયમ ના કેસ માં ઘ્યાને લેવાના તત્વો અને સિધ્ધાંતો :–</u>

(A) આરોપી દ્રારા નિભાવવામાં આવતા કોઈ બેંક ખાતાનો ચેક હોવો જોઈએ,

(B) આવો ચેક કોઈ દેવું અથવા જવાબદારીના સંપર્ણ કે અંશત: ચુકવણાં માટે આપેલ હોવો જોઈએ,

(C) આવો ચેક ત્રણ મહીના અથવા વેલીડીટી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ.

(D) આવો ચેક અપુરતાં ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતાં વધુ રકમનો હોવાનાં કારણે વગર ચુકવણે પરત થયેલો હોવો જોઈએ.

(E) ચેક વગર ચુકવ્યે પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટીસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની માંગણી કરવી જોઈએ.

(F) આવી રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને મળ્યાના પંદર દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચુકવણી ન કરે તો તેના

એક માસમાં ચેકના પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોય તેણે ફરીયાદ કરેલ હોવી જોઈએ.

વધુમાં હાલનો કેસ એક સમરી ટ્રાયેબલ ગુનાનો કેસ છે. જે સમરી ટ્રાયેબલ ગુનાની ટ્રાયલ કેવી રીતે ચલાવવી તે અંગેની રીત સી.આર.પી.સી પ્રકરણ–૨૧ કલમ–૨૬૦ થી ૨૬૫ માં આપવામાં આવેલી છે. તે સીવાય નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા Indian Bank Association v. Union of India AIR 2014 SUPREME COURT 2528 ના કેસમાં વટાવખત અધિનીયમની કલમ–૧૩૮ અંતર્ગતના કેસો ની ટ્રાયલ કેવી રીતે ચલાવવી તે અં ગે પણ ડાયરેકશન આપેલા છે. જે ડાયરેકશન પૈકી એક ડાયરેકટશનમાં એવુ છે કે,

(4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251, Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for recalling a witness for cross examination.

આમ, ઉપરોકત ડાયરેકશન મુજબ વટાવખત અધિનીયમ ની કલમ–૧૩૮ અતંગતના કેસમાં સમન્સ બજતા આરોપી હાજર થાય અને સી.આર.પી.સી અંતર્ગત આરોપીની પ્લી લેવામાં આવે ત્યારે કોર્ટ દ્રારા આરોપીને તેમનો બચાવ રજુ કરવા માટે જણાવવામાં આવશે અને કેસ બચાવના પુરાવા પર રાખવામાં

આવશે તેવુ ઠરાવવામાં આવશે. પરંતુ જો આરોપી ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે તેને રીકોલ કરવાની અરજી આપે તો કેસ તે સ્ટેજ પર રાખવામાં આવશે તેવુ ઠરાવેલ છે. વધુમાં હાલનો કેસ સમરી ટ્રાયેબલ કેસ છે ત્યારે તે કેસ ચલાવવા માટે સી.આર.પી.સી માં આપવામાં આવેલી જોગવાઈ વંચાણે લેવામાં આવેતો કલમ–૨૬૨ (૧) માં ઠરાવવામાં આવેલ છે કે,

1) In trials under this Chapter, the procedure specified in this Code for the trial of summons case shall be followed except as hereinafter mentioned.

જેનો અર્થ એવો થાય છે કે, સમરી ટ્રાયેબલ ગુના અંગેના પ્ર કરણ–૨૧ માં ઠરાવેલ હોય તે જોગવાઈ સિવાય ની બાબતમાં સમન્સ ટ્રાયેબલ ગુનાની ટ્રાયલ ચલાવવા માટેની જે રીત આપેલી છે, તે રીતે સમરી ટ્રાયેબલ ગુનામાં પણ લાગુ પડશે. પરંતુ પ્ર કરણ–૨૧ ની કલમ–૨૬૩ વંચાણે લેવામાં આવેતો સમરી ટ્રાયેબલ ગુનાના કેસના રેકર્ડમાં શું શું આવશે તે અંગે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે, જેથી તે બાબતમાં સમન્સ ટ્રાયેબલ ગુનાની પ્રક્રિયા લાગુ પડશે નહી. જે કલમ–૨૬૩ (જી) મુજબ આરોપીની પ્લી નોંધવાની રહેશે તથા આરોપીનો જો કોઈ પુરાવો હોય તો તે લેવાનો રહેશે અને ત્યાર બાદ કોર્ટના નિર્ણયના કારણો અને ત્યાર બાદ સેન્ટન્સ કે આખરી હુકમ કરવાનો રહેશે તેવુ ઠરાવવામાં આવેલ છે. જે જોગવાઈ સમરી ટ્રાયેબલ ગુનાની ટ્રાયલ ચલાવવા માટે વિશિષ્ટ રીતે કરવામાં આવેલી જોગવાઈ છે, જેથી તેટલી બાબત પુરતી સમન્સ ટ્રાયેબલ ગુનાની ટ્રાયલ માટેની કાર્યપધ્ધતી લાગુ પડશે નહી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Indian Bank

Association v. Union of India ના કેસમાં ઠરાવામાં આવેલ છે કે,

"In summary trial, after the accused is summoned, his plea is to be recorded under Sec.263(g), Cr.P.C and his examination, if any, can be done by a Magistrate and a finding can be given by the Court under Section 263(h), Cr.P.C and the same procedure can be followed by a Magistrate for offence of dishonor of cheque since offence under Section 138 of the Act. This Offence is a document based offence. We make it clear that if the proviso (a),(b) and (c) to Section 138 of the Act are shown to have been complied with, technically the commission of the offence stands completed and it is for the accused to show that no offence could have been committed by him for specific reasons and defences.”

જે અનુસંધાને આરોપી હાજર થતા સી.આર.પી.સીની જોગવાઈ અતંર્ગત આરોપીની પ્લી લેવામાં આવેલી અને તે પ્લીમાં સ્પષ્ટ રીતે આરોપીએ ગુનો કબુલ નથી અને બચાવ કરવા માંગે છે તેવુ જણાવેલ છે. પરંતુ આરોપીએ ફરીયાદીને ઉલટ તપાસ માટે રીકોલ કરવા માટે કોઈ અરજી આપેલી નથી કે પ્લી ઓફ ડીફેન્સ રજુ કરેલ નથી અને ત્યાર બાદ કોર્ટ સમક્ષ હાજર રહેવાનું બંધ કરેલ છે. આ અંગે વિચાર કરવામાં આવે તો જયારે આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલી ફરીયાદ અંગે કોર્ટ દ્વારા આરોપીને યોગ્ય રીતે જાણ

કરવામાં આવેલી છે, કેસના કાગળોની નકલ આપવામાં આવેલી છે, આરોપી જો ફરીયાદીની ઉલટ તપાસ લેવા ઈચ્છતા હોય તો તેઓ તેમ કરી શકશે તથા બચાવનો પુરાવો પણ રજુ કરી શકશે તેવુ સ્પષ્ટ માહીતી આપવામાં આવેલ છે તેમ છતા આરોપી પોતાના બચાવના અધિકારનો ઉપયોગ કરવા માટે કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી. આવા સંજોગોમાં જયારે આરોપી પોતાના બચાવના અધિકારનો ઉપભોગ કરવા કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી ત્યારે કોર્ટે તેઓને દબાણપુર્વક પકડી બોલાવીને તેમના બચાવના અધિકારનો ઉપયોગ કરવા માટે ફરજ પાડવી જોઈએ તેવુ કાયદો ફરમાવતો નથી. પોતાના બચાવના અધિકાર માટે કોર્ટ સમક્ષ હાજર રહેવાની અને પોતાનો બચાવ રજુ કરવાની પ્રાથમીક ફરજ આરોપીની પોતાની જ છે. જે બચાવના અધિકારનો ઉપયોગ કરવા આરોપીએ સજાગતા કેળવવી પડે. તેમજ જો આરોપી પોતાનો બચાવ રજુ કરવા માટે કોર્ટમાં હાજર ન રહે અને તે કારણે ફરીયાદીએ રાહ જોઈને બેસી રહેવાની કે ધકકા ખાવાની ફરજ પડે તો ચોકકસ રીતે ફરીયાદીને અન્યાય કર્યા સમાન છે. કોર્ટ સમક્ષ આવીને પોતાનો બચાવ કરવાની તક મેળવવાનો આરોપીનો જેટલો અધિકાર છે, તેટલો જ ઝડપી ન્યાય મેળવવાનો અધિકાર ફરીયાદીનો પણ છે. તેમજ આરોપી પોતાની સ્વેચ્છાએ પોતાનો બચાવ કરવા માટે હાજર ન રહે તો તેનો ગેરલાભ ફરીયાદીને થવો જોઈએ નહી. જયારે કોઈ વ્યકિત સામે કોઈ ફોજદારી ગુનો કર્યા અંગેનો કેસ દાખલ થાય ત્યારે તે વ્યકિતને કેસ બાબતની પ્રથમ વાર જાણ કરવાની, તે કેસને લગતા પુરાવાઓની નકલ આપવાની, ફરીયાદ પક્ષના સાક્ષીઓની ઉલટ તપાસ કરવા દેવાની, આરોપી અન્ય કોઈ

પુરાવો આપવા ઈચ્છતા હોય તો તે રજુ કરવા દેવાની વાજબી તક આપવાની કોર્ટની ફરજ છે, તેમજ તે આરોપીનો અધિકાર પણ છે. પરંતુ કોર્ટ દ્રારા આરોપી પર ફોજદારી કેસ થયેલ હોવા યોગ્ય રીતે જાણ કરવામાં આવ્યા બાદ, આરોપીને કેસના કાગળો પુરા પાડયા બાદ અને જો તેઓ ફરીયાદીની ઉલટ તપાસ લેવા ઈચ્છતા હોય તો તે માટેનો અધિકાર તથા બચાવનો પુરાવો રજુ કરવા માંગતા હોય તો તે માટેનો અધિકાર ધરાવે છે તેમ યોગ્ય રીતે જાણ કરવા છતા અને વાજબી તક આપવામાં આવેલ હોવા છતા પણ આરોપી તે અધિકારનો ઉપયોગ કરવા માટેની દરકાર ન લે તો કોર્ટ આરોપીનો હાથ પકડીને તે અધિકાર નો ઉપયોગ કરવા આરોપીને ફરજ પાડી શકે નહી. વધુમાં કોઈ ફોજદારી ગુનાની ટ્રાયલ આરોપીની હાજરીની દયા પર પણ નિર્ભર રહી શકે નહી અને જો તેમ કરવાની આરોપીને છુટ પ્રાપ્ત થાય તો આરોપી તેવી દયા કયારે પણ દાખવે નહી. જો ફોજદારી ગુનાની ટ્રાયલ દરમ્યાન આરોપી ફરીયાદીની ઉલટતપાસ કરવાના અધિકારનો ઉપયોગ કરવા માટે હાજર ન રહે કે તે માટેની તૈયાર ન દર્શાવે તો સી.આર.પી.સી કલમ–૩૦૯ અંતર્ગત આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવાનો પણ હુકમ થઈ શકે છે. તેમજ આરોપી પોતાનો પુરાવો રજુ ન કરે તો તે માટેનો હક પણ બંધ કરી શકાય છે. તેમજ જો આરોપી તેમના અધિકાર સમાન કલમ–૩૧૩ નું નિવેદન રજુ કરવા પણ હાજર ન રહે તો કલમ–૩૧૩ ના પ્રોવીઝો અંતર્ગત સમન્સ ટ્રાયેબલ કેસમાં કલમ–૩૧૩ મુજબનું નિવેદન ડીસ્પેન્સ વિથ કરી શકાય છે.

વધુમાં હાલનો કેસ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અંતર્ગતનો કેસ છે, ત્યારે તે કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં ચેક અંગે અમુક

અનુમાનો પણ આપવામાં આવેલ છે, જે ધ્યાને લેવા આવશ્યક છે. વધુમાં, આ કામે આરોપી સામે જ્યારે , ધી નેગો શિયેબલ ઈન્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે કોટે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે , નેગોશિ યેબલ ઈન્ટ્રુમેન્ટ એક્ટ તળેના કેસો અંગે ધારાસભાએ ડોકટ્રીન ઓફ રીવર્સ બર્ડન ની જોગવાઈ કરેલ છે. એટલે કે, વટાવખત અધિનીયમ ની કલમ–૧૩૮ અંતર્ગતના ફોજદારી કેસમાં, શરૂઆતની હકીકત જેવી કે ચેકનું એકઝીકયુશન, ફરીયાદી જ આવા એકના પેઈ કે હોલ્ડર ઈન ડયુ કોર્ષ છે જેવી હકીકત ફરી યાદી પુરવાર કરે તો, અદાલતે આરોપી વિરૂદ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે . જે અનુમાનો કાયદા દ્રારા કરવામાં આવેલા અનુમાનો છે અને તે મુજબનું અનુમાન કરવા માટે કોર્ટ કાયદા દ્રારા બંધાયેલી છે. પરંતુ તે અનુમાનો, ખંડનાત્મક અનુમાનો છે અને તે અનુમાનોનુ ખંડન કરવાનો બોજો આરોપી પક્ષ પર છે. જે અનુમાનોનું ખંડન આરોપી પક્ષે પોતાનો સંભવીત અને માની શકાય તેવો બચાવ રજુ કરીને કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે આરોપી પક્ષે જાતે કોઈ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની આવશ્યકતા રહેતી નથી. આરોપી પક્ષ આવો બચાવ ફરીયાદ પક્ષના પુરાવા પરથી પણ શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવીને કરી શકે છે. આવો પ્રોબેબલ બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સુચનો કરવા તેવો પણ થતો નથી, પરંતુ આવો સંભવીત બચાવ એવી રીતે રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણ શકિતવાળો વ્યકિત તે બચાવને સંભવીત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે. તેમજ બચાવ પક્ષે જે સુચનો કરેલા હોય તેના સમર્થનમાં થોડા ઘણા

અંશે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઈએ. પરંતુ સમર્થન કર્તા કોઈ આધાર કે પુરાવા સીવાયના 'માત્ર સુચનો' ને પ્રોબેબલ ડીફેન્સ માની શકાય નહી. જે સિધ્ધાંતને પણ નજર સમક્ષ રાખીને હાલના કેસમાં રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે છે.

(૧૦) વધુમાં આ કામે ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ આંક-૪ થી રજુ પોતાના પુરાવાના સોગંદનામા માં સ્પષ્ટ રીતે પુરાવો આપેલ છે કે, આરોપી ને ૮ માસ અગાઉ આરોપીને જમીન ખરીદવા માટે રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની જરૂરીયાત પડતાં ફરીયાદી પાસે આવેલા અને રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની માગણી કરેલી ફરીયાદી એ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી ને ફરીયાદીએ આરોપીને રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા રોકડા હાથ ઉછીના આપેલા અને આરોપીએ બે માસ માં પરત આપવાનો વાયદો કરેલો તે વાયદા મુજબ ફરીયાદીએ આપેલી રકમ ની અવાર નવાર રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ઉઘરાણી કરતાં ફરીયાદી ને આરોપી એ તા.૩૧/૦૭/૨૦૨૪ નો બેન્ક ઓફ બરોડા હિંમતનગર શાખાનો નો ખાતાનં. ૧૨૪૨૦૧૦૦૦૧૪૩૩૬ વાળો ચેક નં.-૦૦૦૦૭૫ નો રૂ.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ની રકમ ભરી ને ચેક તેમના હસ્તાક્ષરમાં સહી કરી ને ફરીયાદી ને ચેક આપેલો અને ફરીયાદી ને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક માં જણાવેલ તારીખે ચેક બેન્કમાં ભરવાથી ચેકમાં જણાવેલ રકમ તમોને મળી જશે. જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી આરોપી એ આપેલો ચેક ફરીયાદી એ સ્વીકારેલો. આરોપી એ આપેલ ચેક ફરીયાદી એ તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ એકસેસ બેન્ક

વાસણા મેઘરજ શાખા માં ફરીયાદી ના ખાતા માં જમા કરાવેલો જે ચેક બેન્ક ઓફ બરોડા હિંમતનગર શાખા માં આરોપી ના ખાતા માં કલીયરીંગ માટે જતાં સદર ચેક વગર સ્વીકારાયે FUNDS INSUFFICENT ના શેરા સાથે પરત થયેલો જેથી ચેક પરત થયાની જાણ ફરીયાદી ની બેન્ક ધ્વારા તા. ૧/૦૮/૨૦૨૪ ના રોજ મેમા સહિત પરત કરેલો. ત્યારબાદ ફરીયાદી એ વકીલ ધ્વારા તારીખ ૨૪/૦૮/૨૦૨૪ ના રોજ ફરિયાદી ના વિ.વકીલ શ્રી .મારફતે રજી. પો .એડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપી ને તા. ૩/૦૯/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે તેમ છતાં નોટીસ માં માગ્યા મુજબ ચેકના નાંણા ફરીયાદીને નહી ચુકવી આપતા હાલની ફરીયાદ કરેલી છે. તે સીવાય આ કામે રજુ રાખેલ આંક–૬ થી ૧૧ સુધીના દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે દસ્તાવેજી પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં ફરીયાદ પક્ષના કેસ અંગે વિચાર કરવા માટે ધી નેગોશ્યેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૯ વંચાણે લેવામાં આવેતો, તે કલમમાં ચેક અનુસંધાનેનું અનુમાન આપવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે,

It shall be presumed, unless the contrary is proved,that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt orother liability.

તે સિવાય વટાવ ખત અધિનિયમની કલમ–૧૧૮ (એ) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

Until the contrary is proved, the following presumptions shall be made: (a) that every negotiable

instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, transferred, as indorsed, accepted, negotiated indorsed, or negotiated or transferred for consideration;

તે સિવાય નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા **Girishbhai Natvarbhai patel V/s Sytate of Gujarat 2006(1) GLR 786** કેસમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત વંચાણે લેવામાં આવે તો તે કેસમાં નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

It is an established position of the law that under the scheme of Negotiable Instruments Act, especially under Scheme of 138 and 139, the statutory presumption is created in favor of the complainant and the Court has to presume and proceed on the basis of presumption unless it is dislodged by the accused on the strength of leading cogent and convincing evidence in support of his claim. Sec. 139 of the Negotiable Instruments Act, 1881 makes it unequivocally clear that it is the duty cast upon the Court to presume that the holder of a cheque receive the cheque of the nature referred to in Sec. 138 for the discharge in whole or in part of any debt or other liability.

તે સિવાય નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **<u>Hiten P.Dalal V/s Bratindranath Banerjee AIR 2001 SC 3897</u>** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Section 139 Provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because the both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in everycase where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a Presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all

that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact.

તે સીવાય નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા **Rangappa V.Mohan 2010 Cri.L.J 2871** ના કેસમાં ઠરાવેલ છે કે,

The presumption mandated by S.139 of the Act does indeed include the existence of legally enforceable debt or liability.

તેમજ નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્રારા **HITENBHAI PAREKH, PROPRIETOR,PAREKH ENTERPRISES V. STATE OF GUJARAT AND ANR. 2010 (5) GLR 4136** ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત વંચાણે લેવામાં આવેતો, તે કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Although, there is no presumption as regards any debt or other liability being legally enforceable, it would be found that once a debt or other liability is presumed and not properly rebutted,it would be legally enforceable, unless and until it is shown to be legally unenforceable.

આમ, ઉપરોકત કલમ તથા ચુકાદાઓ મુજબ જો ચેકના ધારક ચેકના એકજીકયુશનની અને જે વ્યવહાર માટે ચેક આપવામાં

આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે તો ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનુ રહે છે કે, ચેક તે દેવા કે જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણા માટે આપવામાં આવેલ હતા. જો કે ઉપરોકત ચુકાદાઓ મુજબ, કલમ–૧૧૮ અને ૧૩૯ અંતર્ગતના અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને તે અનુમાનનું ખંડન આરોપી પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા દ્વારા અથવા તો એવા સં જોગોનું અસ્તીત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે, જેના આધારે સામાન્ય સમજ શકિત વાળો માણસ એવુ માની શકે કે આવો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહી અથવા તો ફરીયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તીત્વ માની શકાય તેમ નથી. પરંતુ તે ખંડન કરવા માટે આરોપીએ પોતાને સાક્ષી તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનુ ખંડન ફરીયાદ પક્ષ દ્વારા રજુ પુરાવા પરથી પણ કરી શકે છે.

હાલના કેસમાં ફરીયાદ પક્ષે પોતાના મૌખીક અને દસ્તાવેજી પુરાવા દ્વારા સ્પષ્ટ રીતે પુરવાર કરેલ છે કે ફરીયાદ વાળો ચેક આરોપીના બેંક ખાતાનો ચેક છે, તે ચેકમાં આરોપીની સહી છે, તે ચેક આરોપીએ ફરીયાદીને આપેલ છે, તે ચેક ફરીયાદીએ બેંકમાં રજુ કરતા અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત આવેલ છે. જે ચેક રીર્ટન થતા ફરીયાદીએ કાયદા દ્વારા નિયત સમય મર્યાદામાં આરોપીને સ્ટેચ્યુટરી ડીમાન્ડ નોટીસ પાઠવી રીર્ટન થયેલા ચેકના નાંણાની માંગણી કરેલી. જે ડીમાન્ડ નોટીસની આરોપી પર બજવણી થયેલ હોવા છતા આરોપીને રીર્ટન થયેલા ચેકની રકમ કાયદા દ્વારા નિયત

કરેલા સમયમાં ફરીયાદીને પરત ચુકવી આપેલી નથી. તે સીવાય આ કામના આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ લેવાની કે પોતાના બચાવની પ્લી રજુ કરવાની કોઈ દરકાર કરેલી નથી. જેથી ફરીયાદ પક્ષના પુરાવાનું ખંડન થતુ નથી. જેથી ફરીયાદ પક્ષ દ્વારા રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવો તથા ફરીયાદીની તરફેણમાં રહેલ વટાવખત અધિનીયમની કલમ–૧૧૮ અને ૧૩૯ અતંર્ગતનું અનુમાન ધ્યાને લ ેતા મુદા નંબર–૧ નો જવાબ હકારમાં આપીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) આ કામના આરોપી **સંજયકુમાર ધુળાજી મકવાણા,** રહે:– ઝીંઝવા, પો.ઝીંઝવા, તા. પ્રાંતીજ, જી. સાબરકાંઠાનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા. ૦૨ જી, માહે : મે , સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** એડી. સીવીલ જજ અને જયુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮

-:સજા અંગે સાંભળ્યા:-

આ કામે આરોપીનો પોકાર કરાવતા હાજર છે તથા આરોપી તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, હાલમાં આરોપીની ઉંમર તથા આર્થિક સ્થિત તથા અન્ય જવાબદારીઓ ધ્યાને લેતા તેમજ આ કામનાં આરોપી અગાઉ કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય, આરોપી ઉપર દયાભાવ રાખી ઓછામાં ઓછી સજા તથા દંડનો હુકમ કરવા અરજ કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, સદર વ્યવહાર ૨૦૨૪ ના વર્ષનો હોય ફરીયાદીને ખુબ જ આર્થિક નુકસાન ભોગવવુ પડેલ હોય જે સંજોગોમાં આરોપી સામેનો ગુનો પ્રથમદર્શને સાબીત થયેલ હોય, આરોપીને મહતમ સજા કરી ચેકથી બમણી રકમનો દંડ કરી વળતર અપાવવા અરજ કરેલ છે.

બંને પક્ષકારો તરફેની રજુઆતો સાંભળી. ફરીયાદપક્ષ તરફે કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. જયારે બચાવપક્ષે આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાનમાં લેતાં, આ કામે આરોપી વિરુઘ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્ર ત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ

કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનો હળવો છે તેમ માની શકાય તેમ નથી. સદર કેસ ૨૦૨૪ ના વર્ષનો છે. જે બે વર્ષનો સમય કેસની કાર્યવાહી પૂર્ણ કરવામાં વિતી ગયેલ હોય તેને ધ્યાને લેતાં કાયદા મુજબ ચેકની રકમનો દંડ કરવા તથા તે રકમ ફરીયાદીને વ્યાજ સહીત વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાય છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીને નહીં હળવી કે નહીં મહતમ પરંતુ તે બે વચ્ચેની સજા તથા ચેકની રકમનો દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

-:: આખરી હુકમ ::-

(૧) આ કામનાં આરોપી **સંજયકુમાર ધુળાજી મકવાણા,** રહે:-ઝીંઝવા, પો.ઝીંઝવા, તા. પ્રાંતીજ, જી. સાબરકાંઠાનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ-૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ રૂા. ૨,૫૦,૦૦૦/-(અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર નો આથી દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દંડની રકમ ફરીયાદીને ફરીયાદની તારીખથી વાર્ષિક ૯ % નાં વ્યાજ સહીત વળતર તરીકે પરત ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ **તારીખ : ૦૨ જી, માહે : મે, સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮